સ્થાપના તારીખઃ ૧૧-૦૫-૧૯૪૪ પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબરઃ એફ-૬ (અમરેલી )

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ

૧૧૮-" માધવ પ્લાઝા ", પ્રથમ માળે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, લાલ બંગલા સર્કલ પાસે, જામનગર ૩૬૧ ૦૦૧,
ફોનઃ ૦૨૮૮-૨૬૭ ૫૬૫૧ મોબાઈલઃ ૯૪૨૬૭ ૩૦૭૭૭.

## આ મંડળનું " કોર્પસ ફંડ " વધારેમાં વધારે એકત્રીત કરવા માટે ફૂલ નહિં તો ફૂલની પાંખડી રૂપે " દાન " આપી મદદરૂપ થવા માટેનો " " હાર્દિક અપિલ અને વિનંતી કરતો પત્ર "

સ્નેહી ભાઈશ્રી/બહેનશ્રી,

સાદર નમસ્કાર,

જય ભોજલરામ અને જય સરદાર સહ સવિનય જણાવવાનું કે **" સંસ્કારોની ટંકશાળા એટલે શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ,અમરેલી "** શિક્ષણ એ સરસ્વતીનો પ્રસાદ છે,શિક્ષણ કથા એ સત્યનારાયણ ની કથા છે.માનવીને દેવત્વ તરફ લઈ જનાર શિક્ષણનો દીવો હર સંજોગોમાં પ્રજવલિત રહે એ આપણા સમાજે ખાસ જોવું જોઈએ.લેઉવા પટેલ જ્ઞાતિ સમાજ,રાજય,રાષ્ટ્રમાં સન્માનનીય પદે બિરાજતી તેજસ્વી જ્ઞાતિ છે.લેઉવા પટેલ જ્ઞાતિના વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉચ્ચ કેળવણી પામી લેઉવા પટેલ જ્ઞાતિ,પોતાનું પોતાના પરિવારનું ભલું કરી અંતે રાજય અને રાષ્ટ્રને શોભાવે એ માટે લેઉવા પટેલ જ્ઞાતિના મોભીઓએ ઘણી બધી જહેમત ઉઠાવી છે.

**" શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ,અમરેલી "** આવું મૂળ સૌરાષ્ટ્રના લેઉવા પટેલ જ્ઞાતિ ના ભાઈ-બહેનોને શિક્ષણ-સંસ્કાર આપતું એક પાવન મંગલકારી મંડળ છે.

ઈ.સ.૧૯૪૪ માં સ્થપાયેલ આ મંડળનો સ્થાપના કરવામાં પાયાના અગ્રગણ્ય આગેવાનો પૈકી

(૧) સ્વ.શ્રી મોહનલાલ વીરજીભાઈ પટેલ રે. અમરેલી. (૨) સ્વ. શ્રી અર્જુનભાઈ કુંવરજીભાઈ પટેલ રે.મુંબઈ.

(૩) સ્વ.શ્રી કેશવજીભાઈ અરજણભાઈ પટેલ રે.જામનગર.આ ત્રિપુટીએ અગ્રગણ્ય કામગીરી કરેલ છે.

આ મંડળની સ્થાપના કરવાનો વિચાર સંવત ૨૦૦૧ ના આસો મહીનામાં સ્વ.શ્રી અર્જુનભાઈ કુંવરજીભાઈ પટેલ મુંબઈથી અમરેલી મુકામે સ્વ.શ્રી મોહનલાલ વીરજીભાઈ પટેલનાં મહેમાન બનીને આવ્યા ત્યારે તે બંનેને સ્ફુર્યો હતો અને બંનેએ રૂા.૫૦,૦૦૦-૦૦ નાં કોર્પસ ફંડના લક્ષ્યાંકથી મંડળની શરૂઆત કરવાનો નિર્ણય કરી બંનેએ આ મંડળ ના " કોર્પસ ફંડ " માં તે સમયે રૂા.પાંચ-પાંચ હજારનું દાન કરી શરૂઆત કરેલ. એ રીતે તા.૧૧-૫-૧૯૪૪ નાં અમરેલી મુકામે લગ્ન પ્રસંગે શ્રી ભગવાન રાજા કપંપની તરફથી તથા અન્યો તરફથી દાન મળતાં રૂા.૩૨,૦૦૦-૦૦ નું " કોર્પસ ફંડ "થયું અને આ રીતે ઉતરોતર રૂા.૧,૦૦,૦૦૦-૦૦ સુધી પહોંચાડયું.

સને ૧૯૫૮-૧૯૫૯માં આમંડળનાં હોદેદાર સ્વ.શ્રી મોહનલાલ વીરજીભાઈ પટેલ, સ્વ.શ્રી અર્જુનભાઈ કુંવરજીભાઈ પટેલ, સ્વ.શ્રી કેશવજીભાઈ અરજણભાઈ પટેલ પોતાનાં ખર્ચે આફ્રિકા દેશમાં ગયા અને ત્યાંથી રૂા.૪૦,૪૭૨-૦૦નું' " કોર્પસ ફંડ " એકત્રિત કરી લાવ્યા હતાં.

આજ સુધીમાં આ મંડળને સૌથી વધુ રકમ રૂા.૬૧,૦૦,૦૦૦-૦૦ નું દાન અલગ અલગ સમયે આ મંડળની " કારોબારી સમિતિ "ના સદસ્યશ્રી અને " સુઝલોન એનર્જી લી " ના ચેરમેનશ્રી તુલસીભાઈ રણછોડભાઈ તંતી રે. રાજકોટ તરફથી પ્રાપ્ત થયેલ છે.

--૨--

સ્થાપના તારીખ: ૧૧-૦૫-૧૯૪૪ પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર: એફ-૬ (અમરલી )

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ

૧૧૮-'' માધવ પ્લાઝા '', પ્રથમ માળે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, લાલ બંગલા સર્કલ પાસે, જામનગર ૩૬૧ ૦૦૧,

ફોન: ૦૨૮૮-૨૬૭ ૫૬૫૧ મોબાઈલ: ૯૪૨૬૭ ૩૦૭૭૭.

## આ મંડળનું '' કોર્પસ ફંડ '' વધારેમાં વધારે એકત્રીત કરવા માટે ફૂલ નહિં તો ફૂલની પાંખડી રૂપે '' દાન '' આપી મદદરૂપ થવા માટેની '' '' હાર્દિક અપિલ અને વિનંતી કરતો પત્ર ''(ચાલુ)--૨--

આ મંડળની મુખ્ય પ્રવૃતિ લેઉવા પટેલ જ્ઞાતિના ભાઈ-બહેનોમાં શિક્ષણનો પ્રચાર-પ્રસાર થાય અને એ ભાઈ-બહેનો શિક્ષણ મેળવીને સમાજમાં દીપી ઊઠે એ છે.

આ મંડળ ધ્વારા જે '' લોન ધીરાણ સને ૨૦૦૦-૨૦૦૧ સુધીમાં આપવામાં આવેલ છે જેનો જુના વિદ્યાર્થીઓ કુલ: ૪૫૮૫ તથા નવા વિદ્યાર્થીઓ કુલ:૨૮૨૬ અકંદર કુલ: ૭૪૧૧ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ લાભ લીધેલ છ અને આ માટે કુલ રૂા.૬૧,૧૭,૪૮૩-૦૦ ની રકમ જુદા જુદા અભ્યાસક્રમો ના અભ્યાસ માટે વગર વ્યાજે '' લોન ધીરાણ '' તરીકે આપેલ છે.

તારીખ:૦૪-૦૩-૨૦૦૧ થી '' નવા બંધારણ '' અનુસાર '' લોન ધીરાણ '' આપવાની પધ્ધતિ બંધ કરવામાં આવેલ છે જેના બદલે શિક્ષણ દીપ અને સંસ્કાર દીપ ઝાંખા ન પડે એ માટે '' આર્થિક રીતે નબળા અને અભ્યાસમાં તેજસ્વી વિદ્યાર્થી શૈક્ષણિક પ્રોત્સાહન શિષ્યવૃતિ યોજના '' હેઠળ '' શિષ્યવૃતિની યોજના '' અમલમાં આવેલ છે જે અનુસાર સને ૨૦૦૧-૨૦૦૨ થી સને ૨૦૧૨-૨૦૧૩ સુધી માં અલગ અલગ અભ્યાસક્રમમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે કુલ: ૯૫૫૧ લેઉવા પટેલના વિદ્યાર્થી ભાઈ-બહેનોને કુલ: રૂા.૨,૫૦,૮૫,૦૦૦-૦૦ ની પરત ન લેવાની શરતે શિષ્યવૃતિ ની રકમ ચુકવવામાં આવેલ છે.

માનનીય પૂર્વ પ્રમુખ શ્રી રમણીકભાઈ કે.ધામી રે.રાજકોટ,માનનીય પૂર્વ ઉપ પ્રમુખ શ્રી હરિભાઈ એસ.ગોધાણી, રે. જૂનાગઢ, માનનીય પૂર્વ મહામંત્રી સ્વ. શ્રી કરસનભાઈ બી.પટેલ તેમજ અન્ય '' હોદેદારશ્રીઓ'' અને '' કારોબારી સમિતિ ''ના સદસ્યશ્રીઓ તેમજ આપણી લેઉવા પટેલ જ્ઞાતિના આગેવાનોના સક્રિય પ્રયાસો અને સાથ સહકાર થી તારીખ:૩૧-૦૩-૨૦૧૨ ના રોજ પુરા થતાં વર્ષના અંતે આ મંડળનું''કોર્પસ ફંડ'' રૂા.૩,૫૬,૮૯,૩૬૩-૩૨ એકત્રીત થયેલ છે જે પ્રશંસનીય બાબત ગણી શકાય અને આ કાર્યમાં પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે સાથ અને સહકાર આપનાર સર્વેનો હાર્દિક આભાર માનનીએ છીએ અને હર હંમેશા આ મંડળને આ રીતે સાથ અને સહકાર આપતા રહે તેવી અપેક્ષા રાખીએ છીએ.

'' શિષ્યવૃતિ યોજના '' હેઠળની રકમ મેળવવા માટે દર વર્ષે '' કોરા અરજી પત્રકો '' મંગાવવા માટે આ મંડળ કોઈ પણ એક '' દૈનિક વર્તમાન પત્ર '' માં જાહેર ખબર આપવામાં આવે છે તેમજ જાહેર ખબર નો પરિપત્ર આ મંડળના '' ટ્રસ્ટી મંડળ ''ના સર્વે ટ્રસ્ટીશ્રીઓ તેમજ '' કારોબારી સમિતિ ''ના સર્વે '' હોદેદારશ્રીઓ '' તથા '' સદસ્યશ્રીઓ'' ને એક એક મોકલવામાં આવે છે તદુપરાંત સૌરાષ્ટ્ર તેમજ ગુજરાતમાં આવેલ '' લેઉવા પટેલ છાત્રાલયો '' ના પ્રમુખ-શ્રીઓને તેમજસમગ્ર ગુજરાતમાં આવેલ અગ્રગણ્ય કોલેજના પ્રિન્સીપાલશ્રીઓને તેમજ ગુજરાતમાં આવેલ યુનિવર્સીટી ઓના કુલ સચિવશ્રીઓને તેમજ લેઉવા પટેલ જ્ઞાતિના અન્ય અગ્રગણ્ય અગ્રેસરોને તેમજ લેઉવા પટેલ જ્ઞાતિના પ્રસિધ્ધ થતાં અંકોમાં પ્રસિધ્ધ કરવા માટે નકલ મોકલવામાં આવે છે.સામાન્ય રીતે દર વર્ષે તારીખ: પહેલી જુન થી તારીખ: એકત્રીમી જુલાઈ સુધીમાં '' કોરા અરજી પત્રકો '' મંગવવાની તેમજ ભરીને આધારો સહ પરત મોકલવાનો સમય ગાળો રાખવામાં આવે છે.

--૩--

સ્થાપના તારીખઃ ૧૧-૦૫-૧૯૪૪ પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબરઃ એફ-૬ (અમરેલી )

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ

૧૧૮-" માધવ પ્લાઝા ", પ્રથમ માળે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, લાલ બંગલા સર્કલ પાસે, જામનગર ૩૬૧ ૦૦૧,

ફોનઃ ૦૨૮૮-૨૬૭ ૫૬૫૧ મોબાઈલઃ ૯૪૨૬૭ ૩૦૭૭૭.

## આ મંડળનું " કોર્પસ ફંડ " વધારેમાં વધારે એકત્રીત કરવા માટે ફૂલ નહિં તો ફૂલની પાંખડી રૂપે " દાન " આપી મદદરૂપ થવા માટેની "

## " હાર્દિક અપિલ અને વિનંતી કરતો પત્ર "(ચાલુ)--૩--

હાલમાં બેંક થાપણનાં વ્યાજના દરો ખુબ જ ઘટી જતા આ મંડળની આવક ઘટી છે તેની સામે અભ્યાસમાં તેજસ્વી અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓની ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે સહાય મેળવવાની માંગણીની સંખ્યા ઉતરોતર વધી રહી છે.આ માંગને પહોંચવા અને સંતોષવા માટે આ મંડળનું હાલમાં જે " કોર્પસ ફંડ " છે તે " કોર્પસ ફંડ " ઓછામાં ઓછું રૂા. પાંચ કરોડ સુધી લઈ જવું અત્યંત જરૂરી અને આવશ્યક બન્યું છે.

આ મંડળની સહાય મેળવીને સાધન સંપન્ન બનેલા સદગૃહસ્થો, સમાજની સીધી યા આડકતરી સહાયથી શ્રીમંત બનેલા વેપારીઓ ઉધ્યોગપતિઓ કે રાજકીય અગ્રગણ્ય આગેવાનો પોતાના સમાજ પ્રત્યેનું રૂણ અદા કરવાનો નિર્ણય કરે તો રૂા.પાંચ કરોડનો લક્ષ્યાંક સિધ્ધ કરવો જરા પણ મુશ્કેલ નથી.

આ મંડળમાંથી લોન ધીરાણ મેળવીને મેડીકલ, ઈજનરી,તેમજ અન્ય ધંધાદારી ડીગ્રીઓ મેળવીને પોતાના વ્યવસાયમાં સ્થિર થયેલ છે અને આર્થિક સંપન્ન છે તેવા અને આપણી લેઉવા પટેલ જ્ઞાતિના ભાઈ-બહેનો અમેરીકામાં તેમજ અન્ય દેશોમાં આર્થિક તેમજ સામાજીક રીતે પોતાની પ્રતિષ્ઠા ઉભી કરેલ છે તેવા ભાઈ-બહેનોએ સ્વયંભૂ આ મંડળને આર્થિક મદદ કરવી તે તેઓનો ધર્મ અને ફરજ બને છે.

આ મંડળની ચંદન જેવી શીતલ સુરભી યુકત છાયા સૌને પ્રગતિ માટે પ્રોત્સાહન આપે છે.શુભ વિચારો ને શુભસંસ્કારો ના સંગઠન ધ્વારા જ્ઞાતિના આત્માને શ્વેત હેતવાળો બનાવે છે.યુવાનોના જીવનને નવી ગતિ ને નવી જયોતિ આપે છે આ મંડળની આવી શિવયાત્રા અવિરત ચાલુ રહે ને હરધ્વારની ગંગામાં જેમ સહુ પોતાનો દીવો રાખે છે તેમ સહુકોઈ પોતાનું જે કંઈ ઉતમ હોય તે આ પ્રવૃતિની ગંગામાં સમર્પે અને આ મંડળની પ્રવૃતિઓ વધુને વધુ તેજસ્વી બને તે માટે આપણા સમાજના બાળકોના ઉચ્ચ શિક્ષણ માટે સૌની શકિત અનુસાર " કોર્પસ ફંડ " માં દાન આપે સહાય કરે અને અન્યોને દાન આપવા માટે સમજાવવાના સઘન પ્રયાસો કરે.

સૌ આવા સહીયારા સઘન પ્રયાસો કરવા અમો આપ સૌને નમ્ર વિનંતી સાથે હાર્દિક અપિલ કરીએ છીએ.

સંત શિરોમણી સદગુરૂદેવ પૂજય શ્રી ભોજલરામ બાપા તથા લોખંડી રાજપુરૂષ વલ્લભભાઈ પટેલના વારસદારો આ મંડળની ટહેલ પરી કરવામાં પાછળ નહીં રહે એવી આશા અને અપેક્ષા છે.

**ઈનકમ ટેક્ષ એકટ ૧૯૬૧ ની કલમ ૮૦ જી(૫) મુજબ " ઈનકમ ટેક્ષ એકઝમ્પશન સર્ટીફીકેટ " આ મંડળને કાયમી ધોરણે તા.૦૧-૦૪-૧૨ થી અમલમાં આવે તે રીતે તા.૧૮-૧૧-૨૦૧૧ ના રોજ મળેલ છે જેના નંબર નીચે દશાંવ્યા પ્રમાણેના છે તે મુજબ આપેલ દાન મુકિત પાત્ર છે.**

**:INCOME TAX EXEMPTION CERTIFICATE NO.CIT/JAM/TECH/II/(B)/80 G(5)/12-15/1945/DT.18-11-2011.**

આદર અને આભાર સહ.

માનાદર સહ વિરમતા.

આપના સ્નેહાધિન,

ગોપાલભાઈ ડાયાભાઈ પટેલ
મહામંત્રી,

નરેશભાઈ રવજીભાઈ પટેલ
પ્રમુખ,

શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ,અમરેલી